# ભાવનગર યુનિવર્સિટી

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ,ગૌરીશંકર લેઈક રોડ,ભાવનગર–૩૬૪ ૦૨૨(ગુજરાત)
ફોન:(જનરલ) ૨૪૩૦૦૦૨/ ૬ /૭, ૨૫૧૧૫૬૫/૬૬ કુલપતિ:(ઓ)૨૪૨૬૫૧૯ (ઘર)૨૪૨૯૦૮૬ કુલસચિવ:(ઓ)૨૪૨૮૦૧૪
(ઘર)૨૫૧૯૫૯૬ ફેકસ:(૦૨૭૮) ૨૪૨૬૭૦૬,૨૫૧૩૯૪૩
ઈમેઈલ : registrar@bhavuni.edu
વેબસાઈટ : www.bhavuni.edu

NAAC Accreditation Grade "B"

---

ક્રમાંક:– એકેડે/વિદ્યા/ ૧૨૪૯ /૨૬૧૪ /૨૦૧૧

તા:૨૦/૦૭/૨૦૧૧

**વિષય:–** CBCS સંદર્ભે સેમેસ્ટર–૧માં બે વિષયમાં ATKT આપી ત્રીજા સેમેસ્ટર અને ક્રમશ: ચોથા સેમેસ્ટરમાં પ્રવેશ આપવા અંગે.

**સંદર્ભ:–** એકઝીકયુટિવ કાઉન્સિલની તા૧૮/૦૭/૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૧)

## પરિપત્ર:–

ભાવનગર યુનિવસિંટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, CBCS સંદર્ભે સેમેસ્ટર–૧માં બે
વિષયમાં ATKT આપી ત્રીજા સેમેસ્ટર અને ક્રમશ: ચોથા સેમેસ્ટરમાં પ્રવેશ આપવા વિદ્યાર્થી સંગઠનોની રજૂઆત એકઝીકયુટિવ
કાઉન્સિલના સભ્યશ્રીઓને થતાં એકઝીકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓએ તાત્કાલિક અસરથી એકઝીકયુટિવ કાઉન્સિલ બોલાવવા
રજૂઆત આવતાં કઈ રીતે પ્રવેશ આપવો તે અંગેની બાબત સંદર્ભ નિર્દિષ્ટ એકઝીકયુટિવ કાઉન્સિલમાં રજૂ રખાતાં, જેમાં નીચે
મુજબ ઠરાવ થયેલ છે, જે મુજબ આનુષાંગિક કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવે છે.

**એકઝીકયુટિવ કાઉન્સિલની તા.૧૮/૦૭/૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૧)**

**" ભાવનગર યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના વિદ્યાર્થી સમુદાયોની રજૂઆતના સંદર્ભે ચર્ચા વિચારણાના અંતે હાજર રહેલ સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવે છે કે, CBCS અભ્યાસક્રમ અંતર્ગત સેમેસ્ટર–૧ની પરીક્ષામાં સેમેસ્ટર–૧ના કુલ પ્રશ્નપત્રોમાંથી વધુમાં વધુ ૨(બે) પ્રશ્નપત્રોમાં નાપાસ હોય તેવા વિદ્યાર્થીઓને સેમેસ્ટર–૩માં અને સેમેસ્ટર–૨માં આ જ રીતે કુલ પ્રશ્નપત્રોમાંથી વધુમાં વધુ ૨(બે)માં ફેઈલ હોય તેવા વિદ્યાર્થીઓને સમેસ્ટર–૪માં જવા દેવા, પરંતુ સેમેસ્ટર–૫માં પ્રવેશ આપતા અગાઉના બધા જ સેમેસ્ટર–૧ થી ૪ના તમામ વિષયોના તમામ પ્રશ્નપત્રો પાસ કરેલ હશે તેવા જ વિદ્યાર્થીઓને સેમેસ્ટર–૫માં પ્રવેશ આપવામાં આવશે.**

**ભાવનગર યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓના તમામ અભ્યાસક્રમ માટે લાગુ પડશે. નિર્ણય અંગેની ભવિષ્યમાં કોઈપણ પ્રકારની ફેરવિચારણા કરવામાં આવશે નહીં.**

**વધુમાં ઈન્ટર્નલ પરીક્ષા અંગેના ઓર્ડીનન્સનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.**

**વધુમાં ડૉ. એમ. જે. વ્યાસ, એકઝીકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રીનો આવેલ ફેકસ મેસેજ વંચાણે લેવામાં આવ્યો."**

**I/c કુલસચિવ**

પ્રતિ,
(૧) ભાવનગર યુનિવર્સિટી સંચાલિત / સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) એકઝીકયુટિવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ

નકલ જાણ સારુ રવાના:–
(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
(૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૪) ડાયરેકટરશ્રી, આઈ.કયુ.એ.સી., c/o અંગ્રેજી ભવન, ભાવનગર યુનિવર્સિટી,
સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ભાવનગર
(૫) સેકશન અધિકારીશ્રી, સામાન્ય વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
એકઝીકયુટિવ કાઉન્સિલની તા.૧૮/૦૭/૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૧)ના કોમ્પ્લાયંસ સાર.